ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

# Economic and social status of tribal families of Dang district migrating for employment

(In reference to Dang District)

# રોજગારી માટે સ્થળાંતર કરતા ડાંગ જિલ્લાનાં આદિવાસી કુટુંબોની આર્થિક સામાજિક સ્થિતિ

(ડાંગ જિલ્લાના સંદર્ભમાં)

**Rakeshkumar Kasubhai Bagul**

રાકેશકુમાર કાસુભાઈ બાગુલ

**(Student)**

**પ્રસ્તાવના :**

ડાંગ જિલ્લો જંગલ સંપતિથી સમૃદ્ધ હોવા છતાં, તે ગુજરાતનો સૌથી પછાત જિલ્લોઓ પૈકીંનો એક છે, તેના બે તૃતીયાંશ લોકો ગરીબી રેખા નીચે જીવે છે. વલસાડ લોકસભા બેઠક જેમાં ડાંગ જિલ્લાનો સમાવેશ થાય છે, તે ગુજરાતનો સૌથી પછાત જિલ્લો છે, પરંતુ રાજકીય પક્ષો માટે વ્યૂહાત્મક રૂપે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ચુંટણી લક્ષી ઇતિહાસ દર્શાવે છે કે જે પણ પક્ષ આ બેઠક જીતવામાં સફળ રહ્યો છેવટે કેન્દ્રમાં સરકાર બનાવી છે. જોકે, છેલ્લા ચાર દાયકામાં ડાંગના આદિવાસીઓની સ્થિતિ બદલાઈ નથી, તેવા દાવોઓ, જે હવે "Trapped: Cycle of Poverty, Migration and Exploitation" નામના અધ્યયનમાં સમર્થન આપે છે.

ડાંગ જિલ્લામાં જંગલનું વિશાલ આવરણ છે અને તેથી, તેની વસ્તી ગીચતા પ્રતિ ચોરસ કિમી પ્રતિ ૧૨૮ છે, જેની સરખામણી સમગ્ર ગુજરાતમાં ૩૦૮ છે.

**અભ્યાસનું મહત્વ:**

આ અભ્યાસ સ્થાને સ્થળાંતર કરનાર કામદારોની સામાજિક- આર્થિક પરિસ્થિતિ, શેરડીના કાપણી કરનારા તરીકેની ભરતી પ્રક્રિયા, તેમનું વેતન, કાર્યસ્થળ પર રહેવાની સ્થિતિ, મહિલાઓ, બાળકો અને તેમના શિક્ષણની દશા અને અન્ય મુદાઓની માહિતી પૂરી પડે છે.

**અભ્યાસ ક્ષેત્રની પસંદગી:**

ડાંગ જિલ્લો વહીવટી રીતે તારણ તાલુકામાં વહેચાયેલો છે - આહ્વા , વઘઈ અને સુબીર - વસ્તીની દ્રષ્ટીએ ગુજરાતનો સૌથી નાનો જિલ્લો છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે, તેમાં ૨.૨૮ લાખ વસ્તી છે, જેમાંથી માત્ર ૧૧% શહેરી વિસ્તારોમાં રહેતા હતા. આ ગુજરાતની તુલનામાં વિરોધભાસી છે, ગયા વસ્તી ગણતરી પ્રમાણે ૨૦૧૧માં ૪૩% શહેરીકરણ થયેલ છે. ડાંગની લગભગ ૯૫% વસ્તી આદિવાસી છે.

**નિદર્શ પસંદગી :**

આ અભ્યાસ માટે સંશોધકે વ્યવસ્થિત રેન્ડમ નમુના સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. જેના માટે ડાંગ જિલ્લા માંથી ૩૦૮ ગામોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે. આ અભ્યાસ માટે ગામોને રેન્ડમ પસંદ કરવામાં આવ્યા છે. (દરેક ગામ માંથી આશરે ૧૦ ટકા) એટલે એક ગામ માંથી ઓછામાં ઓછા ૩૦ ઘરોની મુલાકાત લીધી છે.

**ડાંગ જિલ્લાનો પરિચય :**

ગુજરાત રાજ્યમાં ગાઢ જંગલ ધરાવતો એક માત્ર જિલ્લો તરીકે ડાંગ ઓળખવામાં આવે છે. જ્યાં કુલ ૩૧૧ ગામો આવેલ છે . કુલ ત્રણ તાલુકાઓ અનુક્રમે આહ્વા , વઘઈ અને સુબીર આવેલ છે. વસ્તી ગણતરી ૨૦૧૧ મુજબ ડાંગ જિલ્લાની વસ્તી ૨,૨૮,૨૯૧ છે. લગભગ 30,000 લોકો દર વર્ષે મેં, સપ્ટેમ્બર દરમિયાન શેરડીના કામ અને દ્રાક્ષ યાર્ડમાં રોજગારી માટે નજીકના અલગ અલગ જગ્યાએ સ્થળાંતરિત થાય છે . જિલ્લા કક્ષા રાજ્યમાં વિસ્તારની દ્રષ્ટિએ ૨૫ માં ક્રમે આવે છે.*( census 2011)*

**અભ્યાસનાં હેતુઓ :**

- સ્થળાંતર દર (વર્ષ દરમિયાન ઘરના કેટલા સભ્યો રોજગારી માટે સ્થળાંતર કરે છે) તે જાણવું.
- સ્થળાંતર કુટુંબોની સામાન્ય આર્થિક-સામાજિક સ્થિતિનો ખ્યાલ મેળવવો.
- સ્થળાંતર કરનાર કુટુંબોનો સ્થળાંતર કરવા પાછળનો મુખ્ય ઉદેશ્ય જાણવો.

**અભ્યાસના તારણો : (આર્થિક અને સામાજિક સ્થિતિનું ચિત્રણ)**

આ અભ્યાસના પરિણામો દર્શાવે છે કે તમામ ઘરોનો ત્રીજો ભાગ દર વર્ષે અડધો વર્ષ તેમના સામાન્ય રહેઠાણથી દુર રોજગારી માટે સ્થળાંતર કરે છે. તેમના મોટા ભાગના લોકો શેરડીના ખેતરોમાં કામ કરવા માટે સુરત અને વલસાડ જાય છે. અભ્યાસ પરથી માલુમ પડે છે કે ડાંગ જિલ્લાનાં પસંદ પામેલ કુલ નિદર્શ માંથી ૮૦ % કુટુંબો શેરડીના લણનીના કામ માટે સ્થળાંતર કરે છે. જયારે ૨૦ % ગુજરાત અને મહારાસ્ટ્રમાં દ્રાક્ષ , ચીકુ, આંબા, દાડમ, મરચા, ટામેટાના ખેતરોમાં અને લાકડાની મિલો તેમજ બાંધકામના કામ માટે સ્થળાંતર કરે છે.

સંશોધકે શેરડીમાં રોજગારી મેળવતા કામદારોનું વેતન છેલ્લા(૨૦૧૬-૧૭) સિઝનના શ્રેષ્ઠ રૂપે ૧૨૭ રૂપિયા મેળવ્યા હતા , જે લઘુતમ વેતનદરના અડધા છે. શેરડી કાપનારા કામદારો લગભગ ૬-૭ મહિનાથી તેમના ગામથી દુર હોવાથી ઘણા યુગલો તેમના નાના બાળકોને પણ સાથે રાખે છે. આ અભ્યાસમાં ૧૮થી ઓછી ઉમરના કુલ ૩૩૮ બાળકો તેમના માતા પિતા સાથે હતા, ૯૦ %કામદારો ૪૦ કરતા ઓછી ઉમરના હતા , અને બે તૃતીયાંશ ૨૫ વર્ષથી ઓછી ઉમરના હતા.

શેરડીના કામમાં ઘણા કલાકો અને ખુબ સખત (શરીર શ્રમ) હોવાથી આ કામ સામાન્ય રીતે યુવાનો પર આશ્રિત છે. આ આદિવાસીઓ શેરડીના ખેતરોમાં લગભગ છ મહિના કામ કરે છે, દિવસમાં દસથી બાર કલાક અને મહિનામાં કેટલાક દિવસો માટે રાત્રે પણ કામ કરે છે. તેઓ મચ્છરની વચ્ચે રહે છે. ૯૭.૯૭ % રહેવાશી ખુલ્લામાં શૌચ કરે છે. જીવન નિર્વાહની સ્થિતિ એજ છે જેનો સંદર્ભ ગુજરાત હાઇકોર્ટની હાઈ પાવર કમીટીએ ૧૯૮૭ માં નોધ્યો હતો. સ્થાનિક શાળાઓમાં શેરડી કાપનારા કુટુંબોના બાળકો ગેરહાજર જોવા મળ્યાં.

સંશોધન અનુસાર જાણવા મળે છે કે શેરડીના કામ માટે સ્થળાંતર કરનારા કામદારો મુકાર્દમ (મજુર ઠેકેદાર) પાસેથી પૈસા ઉધાર લે છે અને પચાસ ટકા વ્યાજ સાથે તેમના કામના છ મહિનાના અંતે પરત આપે છે. દેખીતી રીતે જે લોકો અગાઉથી મોટી રકમ ઉધાર લે છે, તેઓ વ્યાજ તરીકે મોટી રકમ ચુકવે છે અને સ્વાભાવિક રીતે , હાથમાં ખુબજ ઓછી રકમ લઈને ઘરે પરત આવે છે. અમુક મુકાર્દામો તેમની હાથ નીચે કામ કરતા કામદારોના અમુક ટકા વ્યાજ માફ કરી તેમને આગલા વર્ષે પણ પોતાના હાથ નીચે રાખવા માટે મજબુર કરે છે.

શેરડીમાં કામ કરતા કુલ કુટુંબો માંથી ૮૨.૫ % કુટુંબો શેરડી કામની આવકને પોતાની મુખ્ય વ્યવસાયની આવકનો સ્ત્રોત જણાવે છે. આ શેરડીના ખેતરોમાં કામ કરતા કામદારો જયારે પોતાનાં વતન પાછા ફરે છે ત્યારે ભાગ્યેજ તેમને કોઈ અન્ય કામની તકો ઉપલબ્ધ હોય છે, બાકી તેઓ બેરોજગારીનો ભોગ બની રહે છે. શેરડીના કામદારોની સ્થિતિ છેલ્લા ચાર દાયકામાં બદલાઈ નથી. અમદાવાદ સ્થિત “સ્વપથ” સંસ્થાએ આ આદિવાસીઓને દેવા-પાસના દુષ્કર્મના ચક્રમાંથી બહાર કડવા માટે ડાંગમાં માઈક્રો ફાઈનાન્સ સિસ્ટમ શરુ કરી છે. પરંતુ હજુ તેની અસર જોવા મળતી નથી.

**સંદર્ભ વર્ષ**: આ અભ્યાસ વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમિયાન હાથ ધરવામાં આવ્યો હતો.

<u>સંદર્ભ સૂચી :</u>


- **Dang district census 2011**
- **https://en.wikipedia.org/wiki/Dang_district,_India**
- **https://www.news18.com/news/india/in-gujarats-dang-district-tribals-are-left-with-no-option-but-to-migrate-for-survival-2089741.html**
- **https://timesofindia.indiatimes.com/city/surat/migration-having-adverse-impact-on-dang-tribals-lives/articleshow/63550509.cms**